# ગુજરાત જાહેર સેવા આયોગ

## જા.ક્ર.૩૭/૨૦૧૬-૧૭ અન્વયે અગત્યની જાહેરાત

(૧) હિસાબી અધિકારી, વર્ગ-૨ અને વાણિજ્યિક વેરા અધિકારી, વર્ગ-૨ ની જગ્યાઓ પર ભરતી કરવા માટે આયોગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ જા.ક્ર.૩૭/૨૦૧૬-૧૭ ની પ્રિલિમિનરી પરીક્ષામાં સફળ થયેલ ઉમેદવારોને મુખ્ય પરીક્ષા માટે તા.૨૦/૦૫/૨૦૧૭ ના રોજ બપોરે ૦૧:૦૦ કલાકથી તા.૦૫/૦૬/૨૦૧૭ ના રોજ બપોરે ૦૧:૦૦ કલાક સુધી ઓનલાઇન અરજીપત્રક ભરી, ડાઉનલોડ કરી જરૂરી પ્રમાણપત્રો સહિત તા.૧૨/૦૬/૨૦૧૭ સુધીમાં આયોગની કચેરીએ રૂબરૂ અથવા રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. થી મળે તે રીતે મોકલી આપવા આયોગ દ્વારા જણાવવામાં આવેલ.

(૨) આયોગનો એવો અનુભવ રહ્યો છે કે જ્યારે પ્રાથમિક કસોટીના પરિણામ બાદ જે ઉમેદવારો મુખ્ય લેખિત પરીક્ષા માટે લાયક ઠરેલ હોય, તેવા ઉમેદવારોએ મુખ્ય લેખિત પરીક્ષામાં બેસવા માટે ઓનલાઇન અરજીપત્રક ભરી, ડાઉનલોડ કરી, આ અરજીપત્રક જરૂરી દસ્તાવેજો/બિડાણો સાથે નિયત સમયમર્યાદામાં આયોગને મળે તે રીતે રજૂ કરવાના હોય છે, આમ છતાં નોંધપાત્ર સંખ્યામાં ઉમેદવારો ઓનલાઇન અરજીપત્રક ડાઉનલોડ કરી દસ્તાવેજો સાથે આયોગને રજૂ કરતા નથી અથવા અધૂરી વિગતો/દસ્તાવેજો મોકલે છે. પરિણામે આવા ઉમેદવારોને અપાત્ર જાહેર કરી તેમની ઉમેદવારી રદ્દ કરવાની આયોગને ફરજ પડે છે.

(૩) ઉપરોક્ત પરિસ્થિતિને નીવારવા આયોગે નિર્ણય કરેલ છે કે, તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ કે જેમાં પ્રાથમિક કસોટી બાદ મુખ્ય લેખિત પરીક્ષા લેવામાં આવે છે, તે તમામ ભરતી પ્રક્રિયામાં (પરીક્ષાઓમાં) જે ઉમેદવારોએ મુખ્ય લેખિત પરીક્ષા માટે નિયત સમયમર્યાદામાં ઓનલાઇન અરજી નહીં કરેલ હોય તેવા ઉમેદવારોનો કોલલેટર ડાઉનલોડ થશે નહીં અને તેમને મુખ્ય લેખિત પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં. આવા ઉમેદવારોની ઉમેદવારી આ જ તબક્કાથી રદ્દ થયેલી ગણવામાં આવશે.

(૪) આયોગના આ નિર્ણય અનુસાર જા.ક્ર.૩૭/૨૦૧૬-૧૭ માટે ઓનલાઇન અરજીપત્રક ભરવાનું તથા ડાઉનલોડ કરવાનું બાકી છે તેવા ઉમેદવારોએ તા.૧૦/૦૬/૨૦૧૭ ના રોજ બપોરે ૦૧:૦૦ કલાકથી તા.૧૫/૦૬/૨૦૧૭ ના રોજ બપોરે ૦૧:૦૦ કલાક સુધી ઓનલાઇન અરજીપત્રક ભરી, ડાઉનલોડ કરી જરૂરી પ્રમાણપત્રો સહિત તા.૧૯/૦૬/૨૦૧૭ ના રોજ કચેરી સમય સુધીમાં આયોગની કચેરીએ રૂબરૂ અથવા રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. થી મળે તે રીતે જમા કરાવવાના રહેશે. તા.૧૫/૦૬/૨૦૧૭ ના રોજ બપોરે ૦૧:૦૦ કલાક બાદ કોઇપણ સંજોગોમાં ઓનલાઇન અરજીપત્રક ભરી શકાશે નહી, જેની તમામ સંબંધિત ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

(૫) ઉમેદવારોએ અરજીપત્રક તથા પ્રમાણપત્રો આયોગની કચેરી ખાતે જમા કરાવવાની તારીખ ૧૨/૦૬/૨૦૧૭ થી લંબાવીને તા.૧૯/૦૬/૨૦૧૭ ના રોજ કચેરી સમય સુધી કરવામાં આવે છે. આ સમયમર્યાદા બાદ મળેલ અરજીપત્રકો કોઇપણ સંજોગોમાં ધ્યાને લેવામાં આવશે નહીં..

(૬) બિન અનામત વર્ગના જે ઉમેદવારોને ફી ભરવાની બાકી છે તેવા તમામ ઉમેદવારોએ પરીક્ષા ફી તરીકે રૂ.૨૦૦/- + પોસ્ટલ સર્વિસ ચાર્જીસ તા.૧૯/૦૬/૨૦૧૭ સુધીમાં પોસ્ટ ઓફીસ ખાતે જમા કરાવવાના રહેશે.

(૭) જે ઉમેદવારોએ તા.૦૫/૦૬/૨૦૧૭ સુધીમાં ઓનલાઇન અરજીપત્રક ભરેલ છે તેવા ઉમેદવારોએ ફરીવાર અરજીપત્રક ભરવાનું રહેશે નહીં.

તા.૦૯/૦૬/૨૦૧૭

GPSC/EX/K.R.PATEL